માણસા નગરપાલિકામાં પાતળી સરસાઈથી ભાજપનો કબ્જો

કોંગ્રેસે ૧૩ બેઠકો મેળવી ભાજપને હંફાવ્યુ : છેલ્લા વોર્ડની ગણતરી પહેલાં બન્ને પક્ષને ૧૨-૧૨ બેઠકો થઈ ગઈ હતી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની એક માત્ર નગરપાલિકા માણસાની ચૂંટણીના પરિણામ આજે જાહેર થયા હતા. જેમાં બે સભ્યોની પાતળી બહુમતિ સાથે સત્તા ટકાવી રાખવામાં ભાજપ સફળ રહેલ છે.

માણસા નગરપાલિકાની ચૂંટણીની આજે સવારે શરૂ થયેલી મતગણતરીમાં ભાજપે પહેલાં કોંગ્રેસ પર સારી એવી સરસાઈ મેળવી હતી પરંતુ જેમ જેમ મતગણતરી આગળ વધી તેમ તેમ કોંગ્રેસે ભાજપને ભારે પછડાટ આપી હતી અને ૬ વોર્ડની મત ગણતરીને અંતે ભાજપ-કોંગ્રેસ બન્નેને ૧૨-૧૨ બેઠક થઈ જતાં રાજકીય વિશ્લેષકોમાં ભારે ઉત્તેજના ફેલાઈ હતી. જો કે છેલ્લા વોર્ડની ગણતરીમાં ભાજપને ત્રણ બેઠક મળી હતી અને એક બેઠક કોંગ્રેસને મળતાં ભાજપના નેતાઓના મુખ પર હાસ્ય જોવા મળ્યુ હતુ. ભાજપને ૨૮ બેઠકોમાંથી ૧૫ બેઠક મળી છે જ્યારે કોંગ્રેસને ૧૩ બેઠક મળી છે.

આ ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપને ભારે ટક્કર આપી હતી. વિસર્જીત નગરપાલિકામાં કોંગ્રેસના સભ્યોની સંખ્યામાં ૧૨નો વધારો થવા પામ્યો છે. કોંગ્રેસે આ ચૂંટણીમાં સારો દેખાવ કરી જિલ્લામાં તેની પક્કડને વધુ મજબુત બનાવી હોવાનો દાવો કોંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે. ભાજપ છેલ્લી ત્રણેક ટર્મથી આ નગરપાલિકા પર કબ્જો જમાવેલો છે. મતગણતરી સ્થળ પર વહેલી સવારથી જ ઉમેદવારોના સમર્થકોનો જમાવડો એકત્ર થઈ ગયો હતો અને જેમ જેમ પરિણામ જાહેર થતા હતા તેમ તેમ વિજેતા ઉમેદવારોને વધાવી અને પક્ષના નારા લગાવતા સમર્થકો નજરે પડ્યા હતા. આ ચૂંટણીમાં ૧૦૦ જેટલા મત નોટાને પણ મળ્યા હતા. અપક્ષ ઉમેદવારોએ ભાજપને નુકશાન પહોંચાડ્યુ હોવાની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં જામી છે.

માણસા નગરપાલિકાના કયા વોર્ડમાં કોને કેટલી બેઠક

વોર્ડ	ભાજપ	કોંગ્રેસ	વોર્ડ	ભાજપ	કોંગ્રેસ
૧	૩	૧	૫	-	૪
૨	૨	૨	૬	૩	૧
૩	૪	-	૭	૩	૧
૪	-	૪	કુલ	૧૫	૧૩

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હમણા હું નવો મુદ્દો વિચારું છું... ત્યાં સુધીમાં ચાઈનીઝ પિચકારીનો વિરોધ ચાલુ કરી દો...

વેપારીઓને લૂંટવાનો સાઈબર ગેંગનો નવો કિમીયો

પેટીએમથી પેમેન્ટ કરવાનું કહી વેપારીના ખાતામાંથી રૂપીયા ઉપાડી લેવા ઓટીપી માંગે છે, શહેરના એક વેપારી સાવચેતીના પગલે બચી ગયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના મીઠાઈ, સ્વીટમાર્ટ તેમજ બેકરી આઈટમના મોટા વેપારીઓને ફોન કોલથી મોટા આર્ડર આપી પેટીએમથી રૂપીયાની ચુકવણી કરવાનું કહેવામાં આવે છે. ત્યારબાદ ફોન પરની વ્યકિત નવી સિસ્ટમ હોવાથી ૬ ડીઝીટનો ઓટીપી નંબર માંગે છે. જે કેટલાક વેપારીઓએ આપવાની ના પાડતા સામેથી ફોન મુકી દેવામાં આવે છે. ત્યારે શહેરના નાના વેપારીઓ માટે આ પ્રકારની ઘટના ચોંકાવનારી સાબિત થઈ શકે છે. ત્યારે છેલ્લા ૨૦ દિવસથી આવા પ્રકારની ઘટના બને છે.

ગાંધીનગર શહેરના ફરસાણ, સ્વીટમાર્ટ, બેકરી, સહિતના મોટા વેપારીઓને છેલ્લા ૨૦ દિવસથી કોઈ અજાણી વ્યકિત ટાર્ગેટ કરી રહ્યો છે. હિન્દીમાં કોઈ ઉચ્ચ હોદા પર બિરાજમાન હોવાનું જણાવીને તે વ્યકિત પીઝા, કેક, મીઠાઈ સહિતની ચીજવસ્તુનો મોટો ઓર્ડર આપે છે. ત્યારબાદ પેટીએમથી એડવાન્સ આપવાનું કહે છે અને બાકીના રૂપીયા સામાન લેવા આવીશ ત્યારે તેમ જણાવે છે. ત્યારબાદ પેટીએમથી રૂપીયા આપવાનું જણાવી ૬ ડીઝીટનો નંબર માંગે છે આ નંબર વેપારી આપવાનું ના પાડે છે તો તેમ જણાવે છે કે સિસ્ટમાં ફેરફાર થયો છે તે નંબર તમે આપો તો જ હુ રૂપીયા તમારા એકાઉન્ટમાં જમા કરી શકીશ. આ પ્રકારની લાંબી ચર્ચા બાદ પણ કેટલાક વેપારીઓએ ઓટીપી નંબર ન આપતા સામેથી કોલ કટ થઈ જાય છે. આ પ્રકારના ફોન કોલ્સ શહેરની જાણીતી સ્વીટમાર્ટની તમામ શાખાઓ પર આવી ચુકયા છે. પરંતુ કોઈ નાના વેપારી ભુલથી આવા અજાણી વ્યકિતના સંપર્કમાં આવી ઓટીપી નંબર આપે તો તેમના એકાઉન્ટમાંથી રૂપીયા ઉપડી શકવાનો ભય રહેલો છે. ત્યારે શહેરના તમામ વેપારીઓએ આવા ફોન કોલ્સથી ચેતવવાની જરુર છે. ત્યારે શહેરમાં નવી આવી સાઈબર ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે નગરના નાના વેપારીઓએ વેપારની લ્હાયમાં છેતરાઈને પોતાના એકાઉન્ટમાંથી રૂપીયા ઉપડી ના જાય તે જોવાની પણ જરુર છે. શહેરના વેપારીઓ માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.

ભાટ પાસે પાર્ટી પ્લોટ બહાર કારના કાચ તોડી દાગીના ભરેલી બેગની ઉઠાંતરી

૧.૦૫ લાખની કિંમતના દાગીના ભરેલી બેગની ચોરી કરી ગઠીયો પલાયન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક ભાટ પાસે આવેલા પાર્ટી પ્લોટ બહાર પાર્ક કરેલી ગાડીના કાચ તોડી ગઠીયાએ ગાડીમાં પડેલી દાગીના ભરેલી બેગની ઉઠાંતરી કરી ગયા હોવાનો કિસ્સો બહાર આવ્યો છે. અડાલજ પોલીસે આ ઘટના અંગે ગુનો દાખલ કરીને પાર્ટીપ્લોટ બહાર લાગેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી તપાસ શરૂ કરી છે.

અમદાવાદ મેમનગર ખાતે અમરનાથ એપાર્ટમેન્ટમાં રહેતા શિવરાજસિંહ ફતેસિંહ ગોહિલ ૧૭મીએ મોડી સાંજે અમદાવાદથી પોતાની જીજે.૧૮.બીસી.૩૯૫૪ નંબરની ગાડી લઈને ગાંધીનગર નજીક ભાટ પાસેના પાર્ટીપ્લોટ ખાતે મિત્રની દિકરીના લગ્નમાં હાજરી આપવા આવ્યા હતા. લગ્ન પ્રસંગમાં હાજરી આપવા પાર્ટી પ્લોટમાં ગયા ત્યારે બહાર પાર્ક કરેલી તેમની ગાડીના કાચ તોડી અંદર પડેલી એક બેગ કોઈ ગઠીયો ચોરીને ફરાર થઈ ગયો હતો. બેગની અંદર રૂ. ૧.૦૫ લાખની કિંમતના દાગીના પડ્યા હતા. આ ચોરી મામલે શિવરાજસિંહને જાણ થતા પોલીસ સ્ટેશન ખાતે જઈને અડાલજ પોલીસને ફરીયાદ આપતા ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરૂ કરી છે.

સમૂહ લગ્નોત્સવ : ગાંધીનગર ખાતે ચૌદ ગામ લેઉવા પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી યોજાયો હતો. સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ સમૂહ લગ્નોત્સવમાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સામાજિક ક્રાંતિની દિશામાં પહેલ કરવાના ભાગરૂપે યોજાતા સમૂહલગ્નોત્સવમાં હવે વિવિધ જ્ઞાતિ સમાજો જોડાઈ રહ્યા છે.

ચિલોડા બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે આધ્યાત્મિક સ્નેહમિલન સમારોહ યોજાયો

ચિલોડા, તા. ૧૯

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય (જગદંબા ભવન) સેવા કેન્દ્ર ચિલોડા ખાતે ત્રિવેણીસંગમ રૂપે આધ્યાત્મિક સ્નેહમિલન અને રાજયોગના પ્રયોગો તથા મુખ્યમંત્રી ચંદ્રક વિજેતા ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીનો સન્માન સમારોહનું ભવ્ય આયોજન ગાંધીનગર સેવાકેન્દ્રના સંચાલિકા રાજયોગિની કેલાસદીદી - જિલ્લા હોમગાર્ડ કમાન્ડર વી.આર. પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ સમારોહમાં સૌપ્રથમ જગદંબા હોલ ખાતે પ્રાર્થનાથી શુભારંભ કર્યો હતો. ત્યારબાદ રાજયોગના પ્રયોગ થકી રાજયોગી આશિષભાઈ દ્વારા પોતાના દાંત વડે બસ ખેંચવાનો પ્રયોગ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કેલાસદીદીએ મહેમાનો તથા બસને તિલક અને સ્વસ્તિક અને શ્રીફળ વધેરીને શિવબાબાનીઝંડીથી પ્રસ્થાન કરાવ્યુ હતુ. ત્યારબાદ જગદંબાભવન ખાતે આધ્યાત્મિક સ્નેહમિલન કાર્યક્રમ સાંજે ૫ થી ૮ દરમ્યાન યોજાયો હતો.

જેમાં સત્ય, ગીતાજ્ઞાન અને રાજયોગની વૈચારિક ક્રાંતિમાં મધ્યપ્રદેશ રાજયની ચંબલની ખીણના પ્રખ્યાત ડાકુ પંચમસિંહ રાજયોગી બની સમાજ અને દેશની સેવાનું ઉમદા કાર્ય કરતા ડાકુઓના સરદાર પૂર્ણત અહિંસક આત્મામાં થયેલ પરિવર્તન તેમના મુખે સાંભળવાનો લ્હાવો ઉપસ્થિત હોમગાર્ડ જવાનોએ લીધો હતો. હૃદયપરિવર્તન બાદ રાજયોગી બ્રહ્મકુમાર બન્યા હતા. રાજયોગથી માનસિક નહી પણ શારિરીક સ્વાસ્થ્ય સુધારમાં રાજયોગી આશિષભાઈએ પોતાના દાંત વડે બસ ખેંચી પ્રયોગ બતાવ્યો હતો.

આ સમારોહમાં મુખ્યમંત્રી ચંદ્રક વિજેતા એન.જે. સોલંકીનું મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી ભેટ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર, મંડળીના ચેરમેન જૈમિત પટેલ, ગુજરાત વિદ્યાપીઠ સાદરા શાખાના અધ્યક્ષ પ્રભુલાલભાઈ કાસુન્દ્રા, જિલ્લા કમાન્ડન્ટવી.આર. પ્રજાપતિ, રાજયોગી પંચમસિંહ દાદા, આશિષભાઈ, ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા તારાદીદી વગેરે શુભ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ચિલોડા સબ યુનિટ હોમગાર્ડઝ જવાનો, સીઆરપીએફ જવાનો તથા બ્રહ્માકુમારી સંસ્થાના ૩૦૦ જેટલા સેવાભાવી ઉપસ્થિત રહ્યા હતા.

રક્તદાન - મહાદાન : ગાંધીનગરમાં રક્તદાનમાં નાગરિકો મોટી સંખ્યામાં જોડાય છે. શહેરની વિવિધ સંસ્થાઓ અને સમાજો દ્વારા પ્રસંગોપાત રક્તદાન યજ્ઞ યોજી સમાજને જોડવાની કામગીરી વ્યાપક સ્વરૂપે ચાલે છે. મહારાષ્ટ્ર સમાજવાડી ખાતે યોજાયેલ રક્તદાન યજ્ઞમાં સમાજસેવીઓ મોટી સંખ્યામાં રક્તદાન કરી સામાજિક જવાબદારી અદા કરી હતી.

ભાજપ પાલિકાના વિજયને વધાવે છે

ગાંધીનગર, તા. ૧૯

આજરોજ જાહેર થયેલ ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી પરિણામોમાં ગુજરાતની જનતાએ પુનઃ વિકાસની રાજનીતિને વ્યાપક સમર્થન આપી ગ્રામીણ ક્ષેત્ર સાથે જોડાયેલી નગરપાલિકાઓમાં ભાજપાને વિજયી બનાવી છે. ભાજપાએ ૭૫ પૈકી ૪૭ નગરપાલિકાઓમાં સ્પષ્ટ બહુમતી સાથે વિજય મેળવ્યો છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી વિકાસની યાત્રાને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આગળ ધપાવતા જનહિતના કરેલ કાર્યોને આજના પરિણામોએ સમર્થન આપ્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાત ભાજપાના સંગઠનના સૌ કાર્યકર્તાઓ રાજ્યના વિકાસ માટે સતત કાર્યશીલ હોય છે. જ્યારે કોંગ્રેસે જ્ઞાતિ-જાતિના અનેક તરકટો અને કાવા-દાવા ચૂંટણી પહેલા રચ્યા છતાં ગુજરાતની જનતાએ સાતત્યપૂર્ણ કિાસને સમર્થન આપ્યું છે. વર્ષ ૨૦૧૩માં યોજાયેલ નગરપાલિકા ચૂંટણીઓ કરતાં ભાજપાના વધુ પ્રતિનિધિઓ ચૂંટાયા છે.

વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, રાજયના વિવિધ જિલ્લાઓમાં યોજાયેલી આ નગરપાલિકા ચૂંટણીમાં કોંગ્રેસના ૪૧ જેટલા ધારાસભ્યોના મતવિસ્તારમાં આવતી લગભગ ૩૦ વિધાનસભાની નગરપાલિકાઓમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખના જિલ્લાની વિદ્યાનગર નગરપાલિકામાં ભાજપાએ ૨૪માંથી ૨૪ બેઠકો જ્યારે મહેસાણા જિલ્લાની વડનગર નગરપાલિકામાં ૨૮ પૈકી ભાજપાએ ૨૭ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો છે. ઘણી નગરપાલિકાઓમાં કોંગ્રેસનું ખાતુ પણ ખુલ્યુ નથી. વિરોધ પક્ષના નેતા તથા કોંગ્રેસી અગ્રણીઓના વિસ્તારમાં કોંગ્રેસ ભુંડી રીતે હારેલ છે.

સે-૧૫ સ્થિત એલ ડી આર પી કોલેજના વાર્ષિકોત્સવની ઉજવણી અન્વયે ટેક ફેસ્ટનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કોલેજના ૨ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રદર્શનમાં કોલેજના સ્ટુડન્ટસે યુનિક સ્ટોલ ખુલ્લો મુક્યો હતો. જેમાં આઈ એન આઈ એફ ડીના વિદ્યાર્થીઓના સહયોગથી લાઈવ ટી શર્ટ પેઈન્ટીંગ કર્યુ હતુ. આઈ એન આઈ એફ ડી ના યશ શાહ તેમજ કોલેજના રાજ કાનાબાર સહીતના વિદ્યાર્થીઓએ મહેનતથી આ કૃતિઓ તૈયાર કરી હતી. આ ઉપરાંત ચિત્ર પ્રદર્શનમાં પણ બેનમુન નમુના રજુ કર્યા હતા. જેમાં ઓઈલ પેઈન્ટીંગ, પેન્સિલ સ્કેચ, વોટર કલર સહીતના ટ્રેડીશ્નલ પેઈન્ટીંગના નમુનાઓ નિહાળી મુલાકાતીઓ દંગ રહી ગયા હતા.બે દિવસીય ટેક ફેસ્ટ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ ખાણી પીણી, ગેમઝોન,રોબોર્ટીકસ સહીતની રસપ્રદ કૃતિઓ રજુ કરી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે 'પરીક્ષાનો આનંદ માણો' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરની એજ્યુકેશન ક્ષેત્રમાં છેલ્લા દોઢ દાયકાથી નામના ધરાવતી સાફલ્ય ઈન્ટરનેશનલ એજ્યુકેર પ્રાઈવેટ લીમીટેડ અને શ્રી વેદ ઈન્ટર નેશનલ સ્કુલ સે-૨૫ ના સંયુકત ઉપક્રમે પરિક્ષાનો આનંદ માણો વિષય પર સુંદર કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં બોર્ડની પરિક્ષાના માહોલમાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ પરિક્ષા ટેન્શન ફ્રી થઈને કેવી રીતે આપવી તેનું વિશેષ માર્ગદર્શન ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ગાંધીનગરના પ્રમુખ ડો. અનિલ ચૌહાણ, જીઆઈપીએસના ડાયરેકટર અજીત પીલ્લઈ તથા જીવન આસ્થા ફાઉન્ડેશનના મેમ્બર શ્રી કુંજ વિહારીએ પુરુ પાડ્યું હતું. પરિક્ષા પહેલા અને પરિક્ષા દરમિયાન વિદ્યાર્થીઓએ કેવા પ્રકારનું માઈન્ડ સેટ રાખવું તેની માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમનું સુંદર આયોજન ઉમંગ પટેલ, મહેશ પરિખ તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

કચેરી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ની નકલ દીઠ ઝેરોક્સિંગની વાર્ષિક કામગીરીનો કોન્ટ્રાક્ટ કરવાનો હોવાથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે જણાવેલ વિગતેથી રૂપિયા ૧૦૦/- (નોન રીફંડેબલ) રકમ જમા કરાવી ટેન્ડર ફોર્મ મેળવી કચેરી ખાતે સીલબંધ કવરમાં રજૂ કરવા જણાવવામાં આવે છે.

ક્રમ	વિગત	તારીખ/સમય
૧	ટેન્ડર ફોર્મ વેચાણ શરૂ કરવાની તારીખ	તા. ૨૨/૨/૧૯ સમય ૧૧:૦૦ કલાક
૨	ટેન્ડર ફોર્મ વેચાણ બંધ કરવાની છેલ્લી તારીખ	તા. ૧૨/૩/૧૮ સમય ૫:૩૦ કલાક
૩	ડોક્યુમેન્ટ બીડના કવરો રજૂ કરવાની છેલ્લી તારીખ	તા.૧૨/૩/૧૮ સમય ૫:૩૦ કલાક
૪	ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ	તા. ૧૩/૩/૧૮ સમય ૧૨:૦૦ કલાક

માહિતી/૨૭૪૮/૧૭-૧૮ નિયામક